# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-12-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગિની સોનારા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# HOME GUARD DECISION

રાજ્યના ગૃહ રક્ષક હવે 58 વર્ષની વય સુધી ફરજ બજાવી શકશે. સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ રાજ્યના ગૃહ રક્ષક જવાનોની નિવૃત્તિ વયમર્યાદામાં ત્રણ વર્ષનો વધારો કરાયો છે. આ અંગે રાજ્ય સરકારે મુંબઇ ગૃહરક્ષક નિયમો , 1953ના નિયમ-૭માં સુધારો કરવાનો નિર્ણય લીધો છે. જેને પરિણામે હવે ગૃહરક્ષક સભ્યોની નિવૃત્તિ વયમર્યાદા 55 વર્ષથી વધારીને 58 વર્ષ થશે. આ અંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે , આ નિર્ણયથી ગૃહરક્ષક સભ્યોમાં રાષ્ટ્ર-સેવા કરવા માટેનો જુસ્સો વધશે.

બૃહદ મુંબઇ રાજ્યમાં ૬ઠ્ઠી ડીસેમ્બર, 1947ના રોજ પોલીસની મદદમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુથી તેમજ કુદરતી અને માનવસર્જિત આપત્તિઓમાં આંતરિક સુરક્ષા માટે ગૃહરક્ષક દળની રચના કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# CM GRIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય પરિવર્તન સંસ્થા-GRITના નવનિર્મિત સ્ટ્રેટેજી રૂમનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે શ્રી પટેલે કહ્યું , વિકસિત ગુજરાત-2047" ના સંકલ્પને સાકાર કરવામાં આ વ્યૂહાત્મક રૂમની મહત્વપૂર્ણ ભૂમિકા રહેશે.

તેમણે માહિતી વિશ્લેષણ રૂમની મુલાકાત વ્યવસ્થાનું અવલોકન કર્યું. શ્રી પટેલે ગ્રીટના અધિકારીઓ સાથે મહત્વની બેઠક પણ યોજી , જેમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, નાણાં, કૃષિ અને શિક્ષણ મંત્રી પણ હાજર રહ્યા.

. . . . . . . . . . . . .

# TAPI SIR

રાજ્યમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા- SIRની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. ત્યારે તાપી જિલ્લામાં 92 ટકાથી વધુ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. બૂથ સ્તરના અધિકારી- BLO અને સંબંધિત વિભાગની સક્રિયતાને પગલે કામગીરીને આખરી ઓપ અપાઈ રહ્યો હોવાની નાયબ કલેક્ટર નિશાંત કુગશિયાએ જણાવ્યું.

બાઈટ: નિશાંત કુગશીયા (નાયબ કલેક્ટર, તાપી)

. . . . . . . . . . . . .

# KUTCH DEMOLITION

કચ્છ જિલ્લાના કંડલાના મીઠા પોર્ટ પર આજે વહેલી સવારથી દબાણ હટાવવાની કામગીરી હાથ ધરાઇ છે. 20 JCB અને 100 ટ્રેક્ટર સાથે 500 પોલીસ કર્મચારીઓના ચુસ્ત બંદોબસ્ત સાથે આ કાર્યવાહી થઇ રહી છે. સાંજ સુધીમાં 250 કરોડ રૂપિયાની 100 એકર જેટલી જમીન ખુલ્લી કરવામાં આવશે. દીનદયાળ પોર્ટ ઓથોરિટી અને પૂર્વ કચ્છ જિલ્લા પોલીસે સંયુક્ત રીતે આ કામગીરી શરૂ કરી છે.

. . . . . . . . . . . . .

# SURENDRANAGAR KUVA

સુરેન્દ્રનગર જિલ્લાના મુળી તાલુકાના ભેટ ગામે ગેરકાયદેસર ખનીજના કૂવા પૂરી દેવાની કવાયત હાથ ધરાઇ છે. ચોટીલાના નાયબ કલેકટર એચ ટી મકવાણાની ટુકડી એ ભેટ ગામે દરોડા પાડીને ગેરકાયદે કોલસાના કૂવા પરથી બે કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ત્યારે હવે અહીં ફરીથી ખનીજ ચોરી ન થાય તે માટે અત્યાર સુધીમાં 17 કૂવા પૂરી દેવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . .

# ARVALLI KHEDUT

અરવલ્લી જિલ્લામાં ખેડૂતો બાગાયતી પાક તરફ વળ્યા છે. મોડાસા તાલુકાના લચ્છાઇ ગામે તુષાર ચૌહાણે 350 વીઘામાં ડ્રેગનફ્રુટ-જામફળની બાગાયતી ખેતી કરી છે. તેઓ જણાવી રહ્યા છે કે ,તાઇવાન પ્રજાતિનું જામફળ અને ડ્રેગનફ્રુટનું વાવેતર ખૂબ સફળ રહ્યું છે. હાલમાં જામફળપણ બજારમાં પહોંચી રહ્યા છે અને બજારમાં તેની વધુ માગને કારણે સારા ભાવ મળી રહ્યા છે. શ્રી ચૌહાણે ઉમેર્યું, આ વાવેતરથી 20-25 જેટલાં લોકોને રોજગારી પણ મળી રહી છે.

(બાઈટ : તુષાર ચૌહાણ, ખેડૂત)

. . . . . . . . . . . . .

# BHAVNAGAR SGFI

69 મી રાજ્ય કક્ષાની શાળા રમતગમત મંડળ- SGFI થાંગ તા માર્શલ આર્ટની 17 વર્ષથી ઓછી વયની સ્પર્ધામાં ભાવનગરની લોકશાળા મણારનાં વિદ્યાર્થી મિલન મકવાણા અને દક્ષા મકવાણાએ રાજ્ય કક્ષાએ સુવર્ણ ચંદ્રક જીત્યો છે. આગામી દિવસોમાં તેઓ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લઇ શાળા તેમજ ભાવનગર અને ગુજરાતનું ગૌરવ વધારશે. આ સિવાયનાં ખેલાડીઓ વનિતા મકવાણા બીજા નંબર તેમજ પ્રાંજલ માલમ, કિંજલ ચૌહાણ, ધાર્મિક મકવાણા અને આશિષ જાંબુચાએ ત્રીજો નંબર પ્રાપ્ત કર્યો હતો.

. . . . . . . . . . . . .